1. સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજ રે

પદ : ૧

સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજરે,
કર રે મન ચરણ વાસ, જકત આશ તજરે, સ્વામિ.ટેક.

નારદ સનકાદિ સિદ્ધ, ભજત જાહી અજરે,
શારદ શેષાદિ નિગમ, ગાવત ઉઠી ફજરે, સ્વામિનારાયણ ૧

પુરુષોત્તમ પ્રગટ આજ, નટવર તનુ સજરે,
કાળ જાળ નાશ હોત, ધરત ચરણ ધ્વજરે, સ્વામિનારાયણ ૨

અજામેલ ગનકાદિક, તાર્યોં જીન ગજરે,
અનંત આજ મુક્ત હોત, દેખત ભરી નજરે, સ્વામિનારાયણ ૩

પ્રેમાનંદ સરવસ ફળ, સહજાનંદ જજરે,
સરવોપરી જાત જીતી, ત્રંબ કઠોર બજરે. સ્વામિનારાયણ ૪

પદ : ૨

હમતો એક સહજાનંદ સહજાનંદ ગાવે,
હમારે મન સ્વામિનારાપણ દુસરા ન ભાવે. હમ.ટેક.

તપ તિરથ સાધનમેં સ્વપને નહિં જાવે,
જેસે કોઉ ધૃત છાંડ છાછકો ન ખાવે. હમ.૧

અણિમાદિક અષ્ટ સિદ્ધિ મુકિતકું ન ચાવે.
સબકો ફલ સહજાનંદ ચરન ચિત્ત લાવે, હમ.૨

સહજાનંદ જાપસેં ત્રય તાપકો બુઝાવે.
ઈનહિકે પ્રતાપસેં અપાર ગતિ પાવે. હમ.૩

આગમ નિગમ કઠિન રહસ્ય હમે ન સમઝાવે,
પ્રેમાનંદ સાર સુગમ સહજાનંદ આવે... હમ.૪

## પદ : ૩

હમ તો એક સહજાનંદ ચરનકે ઉપાસી,
લગન મગન મતવારે છોડી સબ આસી.હમ.ટેક.

અડસઠ અબ કોન કરે, કોન ફીરે કાશી,
અષ્ટ સિધ્ધિ આદિક ચહું મુકિતસેં ઉદાસી.હમ.૧

ચૌદ લોક ભોગકે સુખ જાને સબ ફાંસી,
સહજાનંદ પદપંકજ મકરંદકે પ્યાસી. હમ.૨

ચરનકમલ રસ લોભી મતિકે ઉજાસી,
નારદ સનકાદિ મધુપ ગુંજત બનબાસી. હમ.૩

પુરુષોત્તમ સહજાનંદ જાને સુખરાસી,
પ્રેમાનંદ આયો શરન ચરનકો નિવાસી. હમ.૪

## પદ : ૪

હમ તો હરિ સહજાનંદ રૂપસેં મતવારે,
હમારે સુખ સંપત એહિ પ્રાનજીવન પ્યારે. હમ.ટેક.

ભાવે કોઉ સુંદર કહો ભાવે કહો કારે,
હમકું યેહી રૂપ વિના ઓર સકલ ખારે. હમ.૧

દેહનમેં પ્રાનપિયા નેનનમેં તારે,
ઇનહિ પર તન મન ધન વારી વારી ડારે. હમ.૨

હમારે યેહિ કરમ રેખ ટરત નહિ ટારે,
યેહિ કારન મહામુનિ જન કોટિક પચી હારે. હમ.૩

પ્રેમાનંદ નિગમાગમ કહત હે અપારે,
સહજાનંદ શ્યામસુંદર નિરખી ઉર ધારે. હમ.૪

## 2. જનમ સુધાર્યો વહાલે, કુંજને બીહારી રે

**પદ : ૧**

જનમ સુધાર્યો વહાલે, કુંજને બીહારી રે,
મેહેર કરીને માવે, બાંહ્ય ગ્રહી મારી રે. જનમ૦ ટેક૦

ભાવથી હૈયામાં ભીડી, બીડી મુખ આપી રે,
સર્વે સૈયરમાં મુને, માનીતી કરી થાપી રે. જનમ૦ ૧

આંગણિયે આવીને મારે, મોરલી વજાડી રે,
રસિયે લગાડી મુને, રંગડાની રાડી રે. જનમ૦ ૨

પ્રીતડી બંધાણી મારી, શામળિયાની સાથે રે,
હેતમાં બોલાવી આવી, નટવર નાથે રે. જનમ૦ ૩

કાનડાને કેડે હું તો સર્વે મેલી ચાલી રે,
બ્રહ્માનંદ કેરે વહાલે, કીધી મુને વહાલી રે. જનમ૦ ૪

**પદ : ૨**

આવો રે વહાલાજી વારી, મોરલી વજાતા રે,
રસિયા સલૂણા કાના, રંગડાના રાતા રે. આવો૦ ટેક૦

રૂપાળો લાગે છે માથે, ફૂલડાંનો તોરો રે,
ગજગતિ ચાલે મારા, ચિત્તડાને ચોરો રે. આજ૦ ૧

મોરલી સુણીને મેં તો, આશા મેલી બીજી રે રે,
પ્રાણના સનેહી તારા, રંગમાં હું રીજી રે. આજ૦ ૨

લટકાં કરો છો રૂડાં, પીતાંબર પહેરી રે,
કમલ સરીખે નેણે, હેતે મુને હેરી રે. આજ૦ ૩

બ્રહ્માનંદ કેરા વહાલા, વહાલ વધારો રે,
પ્રીતડી કરીને મારે, મંદિર પધારો રે. આજ૦ ૪

પદ : ૩

શામળિયા સલૂણા કેરા, હું તો રૂપમાં લોભાણી રે,
નેણું કેરી સાંને મારું, લીધું ચિત્ત તાણી રે. શ્યા૦ ટેક૦

ગઇ'તી પાણીડું ભરવા, બેડલું ઉપાડી રે,
રસિયો જોઇને રહી, ન અંતરની આડી રે. શ્યા૦ ૧

જમુનાને આરે ઉભો, રંગડાનો ભીનો રે,
આંખડલીનો ચાળો ઢાળો, અલૌકિક એનો રે. શ્યા૦ ૨

ડોલરિયાને દેખી હું તો, બીજું સર્વે ભૂલી રે,
કાનડાના કેફમાં, ફરું છું બેની ફૂલી રે. શ્યા૦ ૩

બ્રહ્માનંદ કેરો વહાલો, દીઠો વનમાળી રે,
તે દહાડાથી લાગી મારે રંગડાની તાળી રે. શ્યા૦ ૪

પદ : ૪

સાચું કહો શામળિયા વહાલા, જાગ્યા કેને સંગે રે,
રૂપાળો બાંધ્યો છે રેંટો, અતિ ઉછરંગે રે. સા૦ ટેક૦

તોતળાં બોલો છો વેણાં, નેણાં નિંદે ઘેર્યાં રે,
ઉતાવળા ઉઠતાં વસ્ત્ર, જેમ-તેમ પહેર્યાં રે. સા૦ ૧

સાંસે ભર્યાં આવ્યા તમે, એવા કેથી બિના રે,
થયું તેમ કહોને હવે, રંગડાના ભીના રે. સા૦ ૨

કહો તો અમે સમ ખાઇએ, કેને નવ કહીએ રે,
છાનું તો નહીં રહેશે વહાલા, અમે સર્વે ભેળાં રહીએ રે. સા૦ ૩

બ્રહ્માનંદ કેરા સ્વામી, રીઝી ભીંજી રહ્યા છો રે,
મોતીડાથી મોંઘા તે તમે, સોંઘા કેને થયા છો રે. સા૦ ૪

3.) **આવજો આવજો આવજોરે**

**પદ : ૧**

**આવજો આવજો આવજો રે, વાલા આજ અમઘેર આવજો,**
**મારે તમને ભેટ્યાનો છે ભાવજોરે વાલા. ટેક.**
**સુંદર સારી શોભા તમારી રે, દયા કરીને દેખાવજો રે. વા. ૧**
**દયા કરી હરિ દર્શન દેજો રે, મેર્ય મુજ પર લાવજો રે. વા. ૨**
**વાલા વળી વળી વાટડી જોઉં છું રે, આવી આનંદ ઉપજાવજો રે. વા. ૩**
**નિષ્કુળાનંદના નાથજી અમનેરે, હેતે હસીને બોલાવજો રે. વા. ૪**

**પદ : ૨**

**આપજો આપજો આપજોરે, વાલા આજ આનંદ આપજો,**
**તમે મળે ટળે મારા તાપજો રે. વા. ટેક.**
**મુખ જોયા વિના દુ ખ છે દલમાંરે, ક્રિપા કરીને તે કાપજો રે. વા. ૧**
**અંગો અંગ આલિંગન લઇનેરે, હેતે હૈયામાં મુને ચાંપજો રે. વા. ૨**
**ચંદન ચર્ચી ચરણ તમારાં રે, છબિલાજી છાતી મારી છાપજો રે. વા. ૩**
**નિષ્કુળાનંદના નાથ મન મારૂં રે, અસ્થિર સ્થિર કરી થાપજો રે. વા. ૪**

**પદ : ૩**

**મળજો મળજો મળજોરે, મીઠા બોલા વાલા મુને મળજો,**
**મારો થાય જનમ સુફળજો રે, મીઠા. ટેક.**
**દૂર રહ્યાનું જે દુ ખ છે દલમાં રે, તેતો દર્શન દઇ હરિ દલજો રે. મી. ૧**
**પોતાના જાણી દયા દલ આંણિ રે, પિઉં પ્રિતે કરી પળજો રે. મી. ૨**
**હું તો છઉં દાસી ચરણ ઉપાસી રે, મુજ પર વાલા વાલપે વળજો રે. મી. ૩**
**નિષ્કુળાનંદના સ્વામી શામળીયા રે, આજ અઢળ હરિ ઢળજો રે. મી. ૪**

**પદ : ૪**

**ભેટજો ભેટજો ભેટજોરે, ભાવે ભરી ભુધર મુને ભેટજો,**
**મુને રાખી હૈયાને હેટ જો રે, ભાવે. ટેક.**
**તમ વિના મારૂ તન મન તપે રે, મળી મનના તાપ મેટજો રે. ભા. ૧**
**અંગોઅંગે જે અનંગની વેદના રે, તે શામ મળીને સમેટજો રે. ભા.**
**અંક ભરી આલિંગન લેતાં રે, મારા પંડ્યનું પોત પલેટજો રે. ભા. ૩**
**નિષ્કુળાનંદના નાથ મળો જ્યારે રે, ત્યારે ઠરે મારૂ પેટજો રે. ભા. ૪**